RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 338 *Date: 29.9.2026,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 350/-

# H-1B વિઝાના નિયમો પર ટ્રમ્પની તવાઈ! સીધી હાથકડીની ચેતવણી આપી રહ્યું છે અમેરિકા, ભારતીયોમાં ફફડાટ



અમેરિકા ૐ-૧મ વિઝા નિયમો કડક બનાવશે, જેની સીધી અસર હજારો ભારતીયૈં પ્રોફેશનલ્સ પર પડશે. અમેરિકી શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી'એસ્પોસિટોએ ૩૬૫ દિવસમાં સિસ્ટમ સંપૂર્ણપણે બદલવાનો સંકેત આપ્યો છે. છેતરપિંડી અને કૌભાંડો આચરનાર કંપનીઓ સામે ફોજદારી કાર્યવાહી થશે. ૭૦%થી વધુ ૐ-૧મ વિઝા ભારતીયો ધરાવે છે, તેથી આ ફેરફારોથી તેમના ભવિષ્ય પર મોટો પ્રશ્નાર્થ સર્જાશે.હર્કઅમેરિકામાં નોકરી કરવાનું સપનું જોતા હજારો ભારતીયૈં પ્રોફેશનલ્સ અને એન્જિનિયરો માટે ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. અમેરિકી સરકાર ૐ-૧મ વિઝા નિયમોમાં અગાઉથી જ કડક વલણ અપનાવી રહી છે; વિઝા ફીમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો છે અને ઘણા પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા છે. હવે ટ્રમ્પ પ્રશાસન ૐ-૧મ વિઝા નિયમોને વધુ કડક બનાવવા અને સંભવતઃ આ પ્રોગ્રામને કાયમ માટે બંધ કે ધરમૂળથી બદલવાની તૈયારી કરી રહ્યું છે. છેતરપિંડી આચરનારા એમ્પ્લોયર્સ સામે કાનૂની સકંજો કસીને કડક સજા તેમજ ×હાથકડી તૈયાર છે×ની ખુલ્લી ચેતવણી પણ આપવામાં આવી છે૩૬૫ દિવસમાં સંપૂર્ણ સિસ્ટમ બદલાઈ જશેઃ ઈન્સ્પેક્ટર જનરલનો ખુલાસોઅમેરિકી શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી'એસ્પોસિટોએ એક અમેરિકન કોમેન્ટેટર અને યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ સંકેત આપ્યા છે કેઃવિઝાના નામે ગેરરીતિ આચરનારા અને બોગસ શેલ કંપનીઓ દ્વારા કૌભાંડ ચલાવનારા લોકો વિરુદ્ધ ફોજદારી ગુના નોંધીને ધરપકડ કરવાની તૈયારી ચાલી રહી છે.આગામી ૩૬૫ દિવસની અંદર વિદેશી શ્રમ વિઝા વ્યવસ્થાનું સંપૂર્ણ સ્વરૂપ બદલાઈ જશે.સરકાર ૐ-૧મ વિઝા પ્રોગ્રામ સાથે જોડાયેલી છેતરપિંડી, કર્મચારીઓનું શોષણ અને હ્યુમન ટ્રાફિકિંગ જેવા અતિ ગંભીર આરોપોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.ભારતીય ટેક પ્રોફેશનલ્સ પર થશે સૌથી મોટો ફટકોૐ-૧મ વિઝા પ્રોગ્રામમાં થતા કોઈપણ ફેરફારની સીધી અસર ભારતીયો પર પડે છે. અમેરિકીૈં કંપનીઓ, ટેક સેક્ટર અને કોર્પોરેટ જગતમાં કામ કરતા કુલ ૐ-૧મ વિઝા ધારકોમાંથી ૭૦ ટકાથી વધુ હિસ્સેદારી માત્ર ભારતીય પ્રોફેશનલ્સની છે. જો આ પ્રોગ્રામ બંધ કે અત્યંત મર્યાદિત થાય, તો હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ, યુએસમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં જવાની તૈયારી કરી રહેલા યુવાનોની કરિયરને ભારે ફટકો પડશે. અમેરિકામાં અગાઉથી કાર્યરત ભારતીયો માટે વિઝા રિન્યુઅલ અને ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં નવા મોટા અવરોધો ઊભા થશે.દિગ્ગજૈં કંપનીઓ તપાસ એજન્સીઓના નિશાના પવિદેશી કર્મચારીઓની ભરતીમાં અનિયમિતતા આચરવા બદલ તપાસ એજન્સીઓએ મોટી કંપનીઓ સામે પણ કાર્યવાહી તેજ કરી છે. ફોજદારી તપાસના કારણે ટેક ક્ષેત્રની અગ્રણી કંપનીઓ કોગ્નિઝન્ટ અને ક્લાઉડેરા સાથે જોડાયેલી નવી ૐ-૧મ/ઈઈસ અરજીઓ હાલ પૂરતી સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. યુએસ શ્રમ વિભાગ અનુસાર, તપાસ અધિકારીઓએ ડઝનબંધ સમન્સ પાઠવ્યા છે અને અનેક શંકાસ્પદ સ્થળો પર સર્ચ વોરંટ સાથે દરોડા પાડ્યા છેવિદેશી પ્રોફેશનલ્સના બદલે અમેરિકન નાગરિકોની નોકરીઓને પ્રાથમિકતા આપવા માટે સપ્ટેમ્બર ૨૦૨૫માં યુએસ સરકારે 'પ્રોજેક્ટ ફાયરવોલ' લોન્ચ કર્યો હતોમુખ્ય ઉદ્દેશ્યઃ ઉચ્ચ

# યુક્રેનનું રશિયા સામે નવું શસ્ત્ર : 'આર્મી ઓફ રોબોટ્સ' ઉતારશે

યુક્રેન હવે રશિયા સામેના યુદ્ધમાં ડ્રોન બાદ હ્યુમનોઈડ રોબોટ્સનો ઉપયોગ કરશે. યુક્રેનના પૂર્વ ડિફેન્સ મિનિસ્ટર માયખાઈલો ફેડોરોવે 'આર્મી ઓફ રોબોટ્સ' પહેલની જાહેરાત કરી છે. આ રોબોટ્સ દારુગોળો પહોંચાડવા, ઘાયલ સૈનિકોને બહાર કાઢવા અને માઈન સંબંધિત કામગીરી કરશે. ૬ મહિનામાં રોબોટ દ્વારા રશિયન સૈનિકને મારવાનો લક્ષ્યાંક છે. બીજી તરફ,



રશિયાના હુમલામાં ૬ લોકોના મોત થયા છે.યુક્રેનનું રશિયા સામે નવું શસ્ત્ર : 'આર્મી ઓફ રોબોટ્સ' ઉતારશેકિવઃ રશિયા સામેના યુદ્ધમાં ડ્રોનનો મોટા પાયે ઉપયોગ કર્યા બાદ યુક્રેન હવે હ્યુમનોઈડ રોબોટ્સનો ઉપયોગ કરશે. યુક્રેનના પૂર્વ ડિફેન્સ મિનિસ્ટર માયખાઈલો ફેડોરોવેએ આર્મી ઓફ રોબોટ્સ નામની નવી પહેલની જાહેરાત કરી છે. તેનો હેતુ યુદ્ધ મેદાનમાં સૈનિકોને જોખમી કામગીરીથી દૂર રાખીને રોબોટ્સ અને એઆઈ આધારિત સિસ્ટમનો ઉપયોગ વધારવાનો છે.ફેડોરોવના જણાવ્યા અનુસાર, આ પહેલમાં માત્ર એક પ્રકારના હ્યુમનોઈડ્સનો ઉપયોગ કરવાની જગ્યાએ એઆઈ આધારિત સિસ્ટમ્સ, રોબોટિક વ્હીકલ્સની સાથે હ્યુમનોઈડ્સને જોડવાનો છે. રોબોટ્સનો ઉપયોગ દારુગોળો અને અન્ય હથિયારો પહોંચાડવા, ઘાયલ સૈનિકોને બહાર કાઢવા, માઈન સંબંધિત કામગીરી માટે કરવામાં આવશે. આ પહેલ માટે ટારગેટ પણ નક્કી કરવામાં આવ્યું છે. જેમાં, ૬ મહિનાની અંદર હ્યુમનોઈડ રોબોટ પહેલા રશિયન સૈનિકને મારે તે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.૧૨ મહિનાની અંદર ડ્રોન્સની મદદથી સંપૂર્ણપણે હ્યુમનોઈડ્સ દ્વારા હુમલાનું ટારગેટ નક્કી કરવામાં આવ્યું છે. આ પહેલા ફેડોરોવે આર્મી ઓફ ડ્રોન્સ પ્રોગ્રામ લોન્ચ કર્યો હતો. જે બાદ યુક્રેને રશિયા વિરૂદ્ધના અભિયાનમાં ડ્રોન્સનો આક્રમક રીતે ઉપયોગ કર્યો હતો. યુક્રેન માટે આ નવી ટેકનોલોજી નથી. યુક્રેનની ડિફેન્સ મિનિસ્ટ્રીએ ૨૦૨૬ની શરૂઆતથી અત્યાર સુધી ૨૨,૦૦૦થી વધુ અનમેન્ડ ગ્રાઉન્ડ વ્હીકલ્સ માટે કરાર કર્યો છે.રશિયાએ સમગ્ર રાત યુક્રેન પર કરેલા હુમલામાં ૬નાં મોતકીવ : નાટો સામેની તંગદિલીને ઘટાડવાની જર્મનીની અપીલ રશિયાએ ફગાવી દીધાનાં થોડાક જ કલાકોમાં રશિયાએ સમગ્ર રાત યુક્રેન પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૬ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.રશિયાના ટોચનાં રાજદ્વારીએ .




# બ્રિટનમાં એરબેઝને ઉડાવવાનું આતંકી કાવતરું નિષ્ફળ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની શાંતિ વાટાઘાટોની અપીલ ફગાવી મીડ-ટર્મ ચૂંટણી પછી વધુ આકરા હુમલાની ધમકી આપી છે તેવા સમયે આ યુદ્ધની આગ હવે બ્રિટન પહોંચી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. બ્રિટનના વેલ્ફોર્ડમાં અમેરિકન આર્મી દ્વારા ઉપયોગમાં લેવાતા રોયલ એરફોર્સ બેઝ નજીક રવિવારે વિસ્ફોટકો મળી આવતા હોબાળો મચી ગયો હતો. એરબેઝ નજીક ત્રણ ટ્રકોમાં વિસ્ફોટકો મળી આવતા આતંકીઓનું એરબેઝ ઉડાવવાનું કાવતરું નિષ્ફળ ગયું હતું. વિસ્ફોટકો મળી આવતા યુકે ટેરર પોલીસે એરબેઝની આજુબાજુના ઘરો ખાલી કરાવ્યા હતા અને રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડયા હતા. એન્ટી-ટેરર પોલીસે આતંકી હુમલાનું કાવતરું ઘડવાના આરોપ હેઠળ પાંચ શકમંદોની ધરપકડ કરી હતી, જોકે, તેમની નાગરિક્તા અને ઓળખ જાહેર કરાયા નથી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની શાંતિ વાટાઘાટોની અપીલ ફગાવી મીડ-ટર્મ ચૂંટણી પછી વધુ આકરા હુમલાની ધમકી આપી છે તેવા સમયે આ યુદ્ધની આગ હવે બ્રિટન પહોંચી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. બ્રિટનના વેલ્ફોર્ડમાં અમેરિકન આર્મી દ્વારા ઉપયોગમાં લેવાતા રોયલ એરફોર્સ બેઝ નજીક રવિવારે વિસ્ફોટકો મળી આવતા હોબાળો મચી ગયો હતો. એરબેઝ નજીક ત્રણ ટ્રકોમાં વિસ્ફોટકો મળી આવતા આતંકીઓનું એરબેઝ ઉડાવવાનું કાવતરું નિષ્ફળ ગયું હતું. વિસ્ફોટકો મળી આવતા યુકે ટેરર પોલીસે એરબેઝની આજુબાજુના ઘરો ખાલી કરાવ્યા હતા અને રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડયા હતા. એન્ટી-ટેરર પોલીસે આતંકી હુમલાનું કાવતરું ઘડવાના આરોપ હેઠળ પાંચ શકમંદોની ધરપકડ કરી હતી, જોકે, તેમની નાગરિક્તા અને ઓળખ જાહેર કરાયા નથી.બ્રિટિશ સરકારના પ્રવક્તાએ જણાવ્યું કે વડાપ્રધાન એન્ડી બર્નહામને આ ઘટનાની માહિતી અપાઈ છે. પશ્ચિમ એશિયામાં ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યા બાદ અમેરિકન સૈન્ય દ્વારા ઈરાનમાં મિસાઈલ હુમલા માટે ફેરફોર્ડ બેઝનો મર્યાદિત ઉપયોગ કરાઈ રહ્યો છે. આ એરબેઝ પર અમેરિકાના બી-૧ બોમ્બર જેટ સહિતના ફાઈટર જેટ તૈનાત રખાયા છે. આથી, ઈરાન સમર્થિત આતંકીઓએ એરબેઝને ઉડાવવા કાવતરું ઘડયું હોવાની આશંકા સેવાઈ રહી છે.લંડન મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું કે, સ્થાનિક પોલીસને મોડી રાતે ૧.૦૦ની આજુબાજુ ત્રણ શંકાસ્પદ વાહનો રોયલ એરફોર્સના એરબેઝની આજુબાજુ ફરી રહ્યા હોવાની માહિતી મળી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતાં એરબેઝ નજીકથી ત્રણ ટ્રકોમાંથી વિસ્ફોટકો જપ્ત કર્યા હતા. જોકે, તેની માત્રા સહિતની અન્ય વિગતો પોલીસે જાહેર કરી નથી.બીજા વિશ્વ યુદ્ધ પછી અમેરિકા અને બ્રિટન વચ્ચેના કરાર હેઠળ બ્રિટનની માલિકીના આ એરબેઝનું નિયંત્રણ અમેરિકાના હાથમાં છે. બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મર સાથેના કરાર મુજબ અમેરિકા ૨૮ ફેબ્રુઆરી પછી ઈરાન સામે મિસાઈલ સહિતના હુમલા માટે આ એરબેઝનો મર્યાદિત ઉપયોગ કરી રહ્યું છે.ગ્લોસ્ટરશાયર પોલીસે જણાવ્યું કે, ત્રણ ટ્રકોમાં વિસ્ફોટકો હોવાની માહિતી મળતા આર્મીની સ્પેશિયાલિસ્ટ એક્સપ્લોઝિવ ઓર્ડન્સ ડિસ્પોઝલ ટીમ હાલમાં વેલ્ફોર્ડ વિસ્તારમાં અનેક વાહનોની તપાસ કરી હતી. આ વિસ્તારને સંપૂર્ણપણે ઘેરી લેવાયો હતો. સ્થાનિક રહેવાસીઓને નજીકના લેઝ્યોર સેન્ટરમાં સુરક્ષિત રીતે ખસેડાયા છે. યુકે કાઉન્ટર ટેરર પોલીસે રવિવારે આ ઘટનાની તપાસ શરૂ કરી છે.યુકે ડિફેન્સ સેક્રેટરી વેસ સ્ટ્રીટિંગે આ ઘટનામાં તુરંત કાર્યવાહી કરવા પ્રશંસા કરી હતી.

# દક્ષિણ આફ્રિકામાં નરસંહાર : બે જુદાં જુદાં શહેરોમાં થયેલી ગોળીબારીમાં ૨૭ના મોત

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ અને કેપ-ટાઉનમાં ગોળીબારની ૨ અલગ-અલગ ઘટનાઓમાં ૨૭ લોકોના મોત થયા છે. શનિવારે રાત્રે વેડેલામાં છદ્ભ-૪૭ અને પિસ્તોલથી થયેલા ગોળીબારમાં ૧૭ના મોત થયા, જ્યારે ૧૫ ઘાયલ થયા. લ્વાંદેલેમાં દુકાન પર ગોળીબારમાં ૧૦ લોકો માર્યા ગયા. પોલીસે ગુનેગારોને પકડવા તપાસ હાથ ધરી છે, પરંતુ હજુ કોઈ ધરપકડ થઈ નથીદક્ષિણ આફ્રિકામાં નરસંહાર : બે જુદાં જુદાં શહેરોમાં થયેલી ગોળીબારીમાં ૨૭ના મોતજોહાનિસબર્ગ : દક્ષિણ આફ્રિકાનાં બે સૌથી મોટા શહેરોમાં ગોળીબારીની થયેલી બે અલગ અલગ ઘટનાઓમાં ૨૭નાં મોત થયા છે. પોલીસે રવિવારે આ



માહિતી આપતાં જણાવ્યું હતું કે, શનિવારે રાત્રે જોહાનિસબર્ગની દક્ષિણ-પશ્ચિમે આવેલા વેડેલામાં એકે-૪૭ રાયફલ્સ અને પિસ્તોલો સાથે કેટલાક બદમાશોએ કરેલી ગોળીબારીમાં ૧૭ના મૃત્યુ થયા હતા. આ ઘટના નજરે જોનારાઓએ કહ્યું હતું કે તે ગુંડાઓ આઠ જેટલા હતા. આજે બીજે દિવસે રવિવારે પણ તેઓની ધરપકડ થઈ શકી નથી.પોલીસે વધુમાં જણાવ્યું હતું કે તે જ દિવસે (શનિવારે) રાત્રે આશરે એક વાગે કેપ-ટાઉન પાસેનાં લ્વાંદેલેમાં એક દુકાન ઉપર થયેલી ગોળીબારીમાં ૧૦ લોકોનાં મોત થયા હતા.આ પૂર્વે દક્ષિણ પૂર્વનાં મહત્ત્વનાં પોર્ટ-ટાઉન ડર્બનમાં એક પરાંમાં એક ઘરમાં યોજાયેલી પાર્ટીમાં ગોળીબારી થતાં એક સગર્ભા મહિલા સહિત કુલ ૧૧ના મોત થયા હતા. પોલીસે કહ્યું હતું કે તે ઘટના તથા શનિવારે રાત્રે થયેલી ઘટનામાં હજી સુધી હત્યારાઓનો કોઈ પત્તો મળ્યો નથી.વડેલામાં થયેલી ગોળીબારી દૂરથી જોનારાનાં કહેલા પ્રમાણે તો અસામાન્ય હતી. દક્ષિણ આફ્રિકામાં દુકાનો રાતના મોડે સુધી પણ ચાલુ રહે છે તે પૈકી એક દુકાનમાં જતા ગ્રાહકો હજી બહાર જ હતા ત્યાં આડેધડ ગોળીબારી શરૂ થઈ પછી ગોળીબારી કરનારાઓ દુકાનમાં ઘૂસી ગયા અને ત્યાં પણ ગોળીબાર શરૂ કર્યો તે ઘટનાઓમાં ૧૩ પુરૂષો અને ૪ મહિલાઓ મળી ૧૭ના મૃત્યુ થયા હતા અને ૧૫ને ઈજાઓ થઈ હતી. આ બંદૂકધારીઓ મૃત્યુ પામેલા ગ્રાહકોનાં ખિસ્સાં ફંફોળી બધી રકમ અને તેમના મોબાઈલ્સ પણ ઉઠાવી લીધા હતા અને રાતના અંધારામાં નાસી છુટયા હતા તેમ નજરે જોનારાઓએ પોલીસને જણાવ્યું હતું.

## તંત્રી લેખ

# ભવરોગની દવા અને મૃત્યુ સુધારનારી ઔષધિ વિધિપૂર્વક ભાગવત શ્રવણનો મહિમા

## કેનેરા બેંકમાં એપ્રેન્ટિસની ૩૫૦૦ પોસ્ટ માટે વેકેન્સી, ગ્રેજ્યુએટ્સ યુવાઓ માટે સારી તક

કેનેરા બેંકમાં ૩૫૦૦ એપ્રેન્ટિસ પોસ્ટ માટે ભરતી બહાર પડી છે. ૧ ઓક્ટોબર ૨૦૨૬થી ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે. ગ્રેજ્યુએટ ઉમેદવારો અરજી કરવા પાત્ર છે. પસંદગી મેરિટ લિસ્ટ અને સ્થાનિક ભાષાની પરીક્ષાના આધારે થશે. પસંદ થયેલા ઉમેદવારોને ?૧૬,૬૫૦નું માસિક સ્ટાઈપેન્ડ મળશે.ાટે બેંકે નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશન પ્રમાણે આ ભરતી પ્રક્રિયાની શરૂઆત ૧ ઓક્ટોબરથી થઈ જશે. હા, આ તારીખથી અરજીઓ શરૂ થઈ જશે. આ ભરતી માટે ઈચ્છુક અને પાત્ર ઉમેદવારો ઓનલાઈન માધ્યમથી અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭ ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં ઉમેદવારો સમયમર્યાદાની અંદર અરજી કરી શકે છે.તમને જણાવી દઈએ કે આ ભરતી અભિયાન હેઠળ પસંદગી પામેલા ઉમેદવારોને ૧૨ મહિનાની ટ્રેનિંગ આપવામાં આવશે. ટ્રેનિંગ દરમિયાન ઉમેદવારોને દર મહિને ?૧૬,૬૫૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.આ ભરતી માટે ૨૦ થી ૨૮ વર્ષની વય ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે. વયની ગણતરી ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના આધારે કરવામાં આવશે. અનામત વર્ગના ઉમેદવારોને નિર્ધારિત નિયમો પ્રમાણે મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

ઉમેદવાર પાસે કોઈપણ વિષયમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી હોવી જોઈએ. ગ્રેજ્યુએશન ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ વચ્ચે પૂર્ણ થયેલું હોવું જોઈએ. આ ઉપરાંત ઉમેદવારના ધોરણ ૧૨ અથવા ડિપ્લોમામાં નિર્ધારિત લઘુત્તમ ગુણ હોવા જોઈએ.

જીવમાત્રને એક રોગ લાગેલો છે. આ રોગ કોઈ ડોક્ટરથી મટતો નથી. ડોક્ટર શરીરના રોગ મટાડે છે, પણ આત્માના રોગનું શું?જીવને ઈશ્વર નો, શ્રીકૃષ્ણનો વિયોગ થયો છે એ જ મોટામાં મોટો રોગ છે.આ વિયોગના કારણે જ કામ,ક્રોધ,લોભ મોહ,ભય,ચિંતા ઉત્પન્ન થયા છે. આ ભવરોગની એક જ દવા છે- ભાગવત.પણ દવા ગમે તેટલી સારી હોય,જો તેની સાથે પરેજી પાળવા માં ન આવે તો દવા કામ કરતી નથી. જેમ દવામાં ચરી પાળવી જોઈએ, તેમ કથામાં પણ તેની વિધિ જાળવવી જોઈએ. વિધિ વગરની કથા કાન સુધી જાય છે,પણ વિધિ પૂર્વક કરેલી કથા હૃદય સુધી જાય છે અને ભવરોગ મટાડે છે.

શુભ મુહૂર્તે કથાનો પ્રારંભ કરવો જોઈએ. કથા એ કોઈ મનોરંજન નથી, તે યજ્ઞ છે. યજ્ઞ હંમેશા શુભ મુહૂર્તમાં જ થાય.સૌથી મહત્વની વાત છે વક્તાના લક્ષણો.વક્તા કેવો હોવો જોઈએ?શાસ્ત્રમાં ચાર લક્ષણો બતાવ્યા છે. વક્તા બ્રાહ્મણ હોવો જોઈએ એટલે કે બ્રહ્મને જાણનારો,ધીર ગંભીર હોવો જોઈએ,દ્રષ્ટાંતકુશલ હોવો જોઈએ એટલે કે વાતને દાખલા દલીલથી સમજાવે તેવો, અને અતિ નિઃસ્પૃહ હોવો જોઈએ,તેને દ્રવ્યનો કે કીર્તિનો મોહ ન હોવો જોઈએ. પહેલું લક્ષણ વિરક્તપણું બતાવ્યું છે. વૈરાગ્ય એટલે શું? ભોગના અનેક પદાર્થો મળે છતાં મન તેમાં ન જાય તેનું નામ વૈરાગ્ય.જગતને છોડવાની જરૂર નથી, પરંતુ જગતને કામદૃષ્ટિથી, ભોગદૃષ્ટિથી ન જુઓ.

શુકદેવજી પણ જગતને જોતા હતા પણ નિર્વિકાર હતા.તેઓ વસ્ત્ર વગરના હતા,ત્યારે સ્ત્રીઓએ તેમને જોઈને વસ્ત્ર ન ઢાંક્યા,પણ પાછળ થી વસ્ત્ર પહેરેલા વ્યાસજીને જોઈને વસ્ત્ર ઢાંકી દીધા. કારણ પૂછ્યું તો કહ્યું કે શુકદેવજીની દૃષ્ટિમાં વિકાર નથી,તેઓ દરેક સ્ત્રી-પુરુષને ભગવદભાવથી જુએ છે. આપણે જગતને જોઈએ ત્યારે આંખમાં વિકાર આવે છે. દોષદૃષ્ટિ હોય ત્યાં સુધી દેવદૃષ્ટિ થતી નથી. તેથી દરેક સ્ત્રી-પુરુષને ભગવદ ભાવથી જુઓ.

શ્રોતા માટે પણ વિધિ છે.સર્વ પ્રકાર ના ઘરબાર,દુકાન,ચિંતા છોડીને કથામાં બેસો.વક્તા-શ્રોતામનથી, આંખથી,વાણીથી, પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળે.ઊર્ધ્વરેતા થયા વગર મન સ્થિર થતું નથી.ઊર્ધ્વરેતા બ્રહ્મ ચર્ય પાળવાથી થવાય છે.ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે, માટે વક્તા-શ્રોતા ક્રોધ ન કરે.જે વિધિ પૂર્વક કથા શ્રવણ કરે છે તે વૈષ્ણવો યમપુરીમાં જતા નથી,વૈકુંઠમાં જાય છે.

વેદાંતનો અધિકાર સર્વને નથી.વેદાંત સાંભળવા માટે ચાર લાયકાત જોઈએ નિત્ય-અનિત્ય વસ્તુ વિવેક ષડ્ સંપત્તિ એટલે શમ,દમ,ઉપરતિ, તિતિક્ષા,શ્રદ્ધા,સમાધાન અને ફલ ભોગવિરાગ તથા મુમુક્ષુત્વ. આટલી તૈયારી વિના વેદાંત સમજાય નહીં. એટલે જ વેદોના ત્રણ વિભાગ કર્યા કર્મકાંડ,ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ અને તેના અધિ કારી જુદા ઠરાવ્યા. પણ ભાગવત સર્વને માટે છે બાળક,યુવાન,વૃદ્ધ,સ્ત્રી,પુરુષ,પાપી પુણ્યાત્મા સૌ ભાગવત સાંભળી શકે છે.સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે. ભાગવતનો આશ્રય કરશો તો ભાગવત તમને ભગવાનની ગોદમાં બેસાડશે.તમને નિર્ભય અને નિઃસંદેહ બનાવશે.જે ભાગવતની કથા પ્રેમથી સાંભળે છે તેનો સંબંધ ભગવાન સાથે થાય છે, કારણ કે ભાગવતએ ભગવાનનું સાક્ષાત સ્વરૂપ છે,ભગવાનનું વાઙ્મય સ્વરૂપ છે.ભગવાને પોતાનું સ્વરૂપ તો છુપાવ્યું છે,પણ નામ છુપાવ્યું નથી.

ભાગવતના શ્લોક ૧૮૦૦૦ કેમ છે? આમાં મોટું રહસ્ય છે.આઠપ્રકૃતિના આઠ -પાંચ મહાભૂત,મન,બુદ્ધિ અને અહંકાર અને નવમા ઈશ્વર.નવનો આંકડો પૂર્ણતા દર્શાવે છે.આઠ પ્રકૃતિ અને નવમા પરમાત્મા. ભાગવત આખી સૃષ્ટિ અને સૃષ્ટિના માલિક બંનેનું જ્ઞાન આપે છે.ખાવું કેવી રીતે,બોલવું કેવી રીતે, ચાલવું કેવી રીતે,પત્ર લખવો કેવી રીતે, ઘરમાં રહેવું કેવી રીતે, સંસાર છોડવો કેવી રીતે બધું જ ભાગવત માં બતાવ્યું છે. આ એક જ ગ્રંથનો આશ્રય કરવાથી સઘળું જ્ઞાન મળશે.આ ગ્રંથ પૂર્ણ છે. ભાગવત એ ભગવાન નારાયણનું સ્વરૂપ છે. જગત અને ઈશ્વરનું, જીવ અને જગતનું, જીવ અને ઈશ્વરનું જ્ઞાન ભાગવતમાંથી મળશે.પણ કેવળ જાણેલું કામ આવશે નહીં,જીવનમાં ઉતારેલું કામ આવશે. ગાંધીજી પણ કહેતા કે અઢી મણ જ્ઞાન કરતાં પાશેર આચરણ શ્રેષ્ઠ છે. પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો.

આપણે ઘણીવાર પૂર્વજન્મના વિચારોમાં ગૂંચવાઈ જઈએ છીએ. મારો પૂર્વજન્મ શું હતો? હું કોણ હતો? શાસ્ત્ર કહે છે, પૂર્વજન્મનો વિચાર ન કરો. આ જન્મ સુધારવા પ્રયત્ન કરો.

જનકરાજાની કથા પ્રસિદ્ધ છે. જનકરાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્ક્ય પાસે માગણી કરી. યાજ્ઞવલ્ક્યે તેમને તેમના પૂર્વજન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. આ જોઈને તેમને ખૂબ દુઃખ થયું,ગ્લાનિ થઈ. તેથી જ કહેવાય છે કે પૂર્વજન્મ યાદ ન રહેવો એ જ સારું છે. ઈશ્વરે વિસ્મૃતિ આપી છે તે કૃપા છે. પૂર્વ જન્મના વિચારો ન કરો,આ જન્મ જ સુધારો.

કથા એ પણ કીર્તનભક્તિનું જ સ્વરૂપ છે અને કીર્તનભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે, તે કથા શ્રવણ દ્વારા પણ થઈ શકે છે.

ભાગવત એ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી? મૃત્યુનો ડર કોને નથી? સૌને છે, એટલે સૌને આ ઔષધિની જરૂર છે. ભવરોગ મટાડવો હોય તો આ દવા લેવી જ પડે.

પરમાત્મા શ્રીકૃષ્ણનું નામસ્વરૂપ એ આ ભાગવત છે.પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી, નામ પ્રગટ રાખ્યું છે. માટે પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે.

નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. પ્રભુ એક વખત દર્શન આપીને જતા રહે, પણ નામ હંમેશા સાથે રહે છે. જે વ્યક્તિના પ્રત્યક્ષ દર્શન ન થયા હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ.માટે ભાગવત એ પરમાત્માનું નામસ્વરૂપ છે, માટે તે દિવ્ય છે. તેનો આશ્રય કરો, તેની વિધિ પાળો-વિરક્ત બનો, દોષદૃષ્ટિ છોડી દેવદૃષ્ટિ કેળવો, બ્રહ્મચર્ય અને શાંતિથી શ્રવણ કરો.તો જ આ ભવ રોગની દવા તમારા હૃદયમાં અમૃત બનીને પ્રગટશે અને મૃત્યુના ભયમાં થી તમને મુક્ત કરશે.અસ્તુ.યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા તા ઓગડ જિ બનાસકાંઠા

## અમદાવાદ: કૃષ્ણનગરમાં સસ્તા દારૂને મોંઘી બ્રાન્ડની બોટલમાં ભરી વેચવાનું નેટવર્ક ઝડપાયું, એકની ધરપકડ, મુખ્ય આરોપી સહિત ૩ ફરાર



અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં ન્ઝ ૠ ઝોન-૫ અને કૃષ્ણનગર પોલીસે દારૂના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સસ્તા વિદેશી દારૂને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી, નકલી સ્ટીકર-ઢાંકણાં લગાવી વેચાણ થતું હતું. પોલીસે ૪૭ ભરેલી બોટલો, ૩૨૨ ખાલી બોટલો, ૨૧૧ નકલી સ્ટીકરો અને ૨૯૩ ઢાંકણાં જપ્ત કર્યા. એક આરોપી હેમલ વાઘેલા ઝડપાયો, જ્યારે મુખ્ય માસ્ટરમાઈન્ડ સહિત ૩ ફરાર છે.અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં સસ્તી બ્રાન્ડના વિદેશી દારૂને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી, નકલી સ્ટીકર અને ઢાંકણાં લગાવી તોતિંગ નફા સાથે વેચવાના ગેરકાયદે રેકેટનો એલસીબી ઝોન-૫ અને કૃષ્ણનગર પોલીસે પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી દારૂની ૪૭ ભરેલી બોટલો તેમજ મોટા પ્રમાણમાં ખાલી બોટલો, સ્ટીકરો અને ઢાંકણાં જપ્ત કર્યા છે. પોલીસે આ ગોરખધંધામાં સંકળાયેલા એકની અટકાયત કરી છે, જ્યારે મુખ્ય માસ્ટરમાઈન્ડ સહિત ત્રણ સાગરીતોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.સ્તા અને મોંઘા દારૂ વચ્ચે ૫૦૦થી ૫૦૦૦ રૂપિયા સુધીનો માતબર નફો કમાતાપોલીસના જણાવ્યાનુસાર, રવિવારે (૨૭મી સપ્ટેમ્બર) એલસીબી ઝોન-૫ અને કૃષ્ણનગર પોલીસની ટીમને બાતમી મળી હતી કે કૃષ્ણનગરમાં વિદેશી દારૂમાં ભેળસેળ અને નકલી પેકિંગની પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે ઠક્કરબાપાનગરમાં હરિઓમ સાયકલ સામેની ગલીમાં આવેલા મકાન દરોડા પાડતાં સ્થળ પરથી વિદેશી દારૂ ભરેલી ૪૭ બોટલો મળી આવી હતી. ઉપરાંત, વિવિધ બ્રાન્ડના સ્ટીકર સાથેની ૩૨૨ ખાલી બોટલો, ૨૧૧ નકલી સ્ટીકરો અને ૨૯૩ જેટલાં ઢાંકણાં મળી આવ્યા હતા.દરોડા દરમિયાન પોલીસે હેમલ ઉર્ફે હેમુ મહેશભાઈ વાઘેલા નામના યુવકની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું હતું કે મુખ્ય સૂત્રધાર ભરત સોલંકી અને તેનો ભાઈ વિજય સોલંકી સસ્તો દારૂ લાવીને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી દેતા હતા. સ્ટીકર અને ઢાંકણાં બદલીને બ્રાન્ડ મુજબ બોટલ દીઠ ૫૦૦થી લઈને ૫૦૦૦ રૂપિયા સુધીનો આંતર નફો મેળવતા હતા.રોજના ૪૫૦થી ૫૦૦ રૂપિયાના ભાડા પર રાખ્યો હતો યુવક

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓ છેલ્લા ૨થી ૩ મહિનાથી આ કૌભાંડ ચલાવી રહ્યા હતા અને કૃષ્ણનગર તેમજ આસપાસના વિસ્તારોમાં ગ્રાહકોને બોટલો સપ્લાય કરતા હતા. ઝડપાયેલા હેમલ વાઘેલાનો મુખ્ય રોલ સસ્તા દારૂને મોંઘી બોટલોમાં ભરવાનો અને ગ્રાહકો સુધી પહોંચાડવાનો હતો. તેના બદલમાં મુખ્ય આરોપી ભરત તેને રોજના ૪૫૦થી ૫૦૦ રૂપિયા આપતો હતો.માસ્ટરમાઈન્ડ પકડાયા બાદ વધુ ઘટસ્ફોટ થશેપોલીસે સ્પષ્ટ કર્યું છે કે સ્થળ પરથી કોઈ કેમિકલ કે અન્ય હાનિકારક પદાર્થો મળ્યા નથી, માત્ર પેકિંગ મટીરિયલ અને દારૂનો જથ્થો જપ્ત કરાયો છે. હાલ મુખ્ય આરોપી ભરત સોલંકી બાવરી, વિજય સોલંકી બાવરી અને સુનીલ સોલંકી ફરાર છે અને તેને પકડવા તજવીજ હાથ ધરાઈ છે. માસ્ટરમાઈન્ડની ધરપકડ બાદ જૂની બોટલો ક્યાંથી મંગાવાતી અને કયા બૂટલેગરો કે ગ્રાહકોને વેચાતી તેની વિગતો સામે આવશે.

## ઓનલાઈન ગેમિંગ કંપની ગેમ્સક્રાફ્ટની વધુ રૂ. ૪૪૨ કરોડની સંપત્તિ ટાંચમાં



નવી દિલ્હીમાં ઈઢએ ઓનલાઈન ગેમિંગ કંપની ગેમ્સક્રાફ્ટ અને રમીકલ્ચર સામે મની લોન્ડરિંગ તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. ૨૫ સપ્ટેમ્બરે ઁન્છ હેઠળ ૪૪૨.૩૫ કરોડ રૂપિયાની નવી સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે, જેમાં ફિક્સ ડિપોઝીટ, દુકાનો, વિલા અને રહેણાંક મિલકતોનો સમાવેશ થાય છે. આ સાથે કુલ ટાંચમાં લેવાયેલી સંપત્તિ ૨૮૪૩ કરોડ રૂપિયા થઈ છે. ઈઢનો દાવો છે કે કંપની બોટ્સનો ઉપયોગ કરીને યુઝર્સને છેતરતી હતી, જેનાથી તેમને મોટું નુકસાન થયું. ઓનલાઈન ગેમિંગ કંપની ગેમ્સક્રાફ્ટ અને તેની એપ રમીકલ્ચર સામેની મની લોન્ડરિંગ તપાસનાં ભાગરૂપે ૪૪૨ કરોડ રૂપિયાની નવી સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે.સંપત્તિઓને ટાંચમાં લેવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ૨૫ સપ્ટેમ્બરનાં રોજ કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હતો. ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિમાં ગેમ્સક્રાફ્ટ ટેકનોલોજીસ પ્રાઇવેટ લિમિટેડનાં શેરધારકોનાં પરિવારનાં સભ્યો, ખાનગી ફેમિલી ટ્રસ્ટ, વિવિધ સંલગ્ન સંસ્થાઓનાં નામે રહેલી ફિક્સ્ડ ડિપોઝીટ, કોમર્શિયલ દુકાનો, એક વિલા અને અનેક રહેણાંક મિલકતોનો સમાવેશ થાય છે. ઇડી અનુસાર આ મિલકતોનું કુલ મૂલ્ય ૪૪૨.૩૫ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. આ સાથે આ કેસમાં અત્યાર સુધી ટાંચમાં લેવામાં આવેલ કુલ સંપત્તિનું મૂલ્ય વધીને ૨૮૪૩ કરોડ રૂપિયા થઇ ગયું છે.આ ગેમિંગ પ્લેટફોર્મ સમગ્ર દેશમાં ૩ કરોડનો યુઝરક બેઝ ધરાવતો હતો. ઈડીનો આરોપ છે કે વપરાશકર્તાઓનો એક મોટો હિસ્સો એવા રાજયોમાં હતો જયાં ઓનલાઈન રિયલ મની ગેમિંગ એપ પર પ્રતિબંધ છે. જેમાં તેલંગણા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો સમાવેશ થાય છે. ઈડીએ દાવો કર્યો છે કે જયારે આ પ્લેટફોર્મ વપરાશકર્તાઓને ખાતરી આપતા હતા કે તેઓ પારદર્શક, નિષ્પક્ષ અને બોટ્સથી મુક્ત છે. ત્યારે તેઓ અજાણતા કે સંમતિ વિના ભોળા વપરાશકર્તાઓ સામે બોટ્સનો ઉપયોગ કરતા હતાં.એજન્સીએ આરોપ મૂક્યો છે કે બોટ્સનાં ઉપયોગને કારણે વપરાશકર્તાઓને મોટું આર્થિક નુકસાન થયું છે અને કંપની માટે ક્રિમિનલ આવક ઉભી થઇ હતી.

## હમાસ અને હુથીઓ બાળકોને આતંકી બનાવી હથિયારોની તસ્કરી કરાવે છે



નવી દિલ્હીના રિપોર્ટ મુજબ, ગાઝામાં હમાસ બાળકોનો ઉપયોગ હથિયારોની તસ્કરી અને હ્યુમન શીલ્ડ તરીકે કરી રહ્યું છે. ઈઝરાયેલ સૈન્યએ જાહેર કરેલા વીડિયોમાં હમાસના આતંકવાદીઓ બાળકને હથિયાર આપતા દેખાય છે. યમનમાં હુથીઓ પણ બાળકોને સંગઠનમાં ભર્તી કરી હથિયારોની તાલીમ આપી રહ્યા છે. માનવ અધિકાર સંસ્થાઓએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે.હમાસ અને હુથીઓ બાળકોને આતંકી બનાવી હથિયારોની તસ્કરી કરાવે છેનવી દિલ્હી : આતંકી સંગઠનો હુથીઓ અને હમાસને લઈને એક રિપોર્ટમાં મોટો ખુલાસો કરાયો છે. જેમાં જણાવાયું છે કે ગાઝામાં હમાસ હથિયારોની તસ્કરી માટે બાળકોનો ઉપયોગ કરી રહ્યું છે. જ્યારે યમનમાં હુથીઓ પોતાના સંગઠનમાં બાળકોને પણ હથિયારોની તાલીમ આપી રહ્યું છે, બાળકોની ઇચ્છા વિરુદ્ધ ભરતી કરવામાં આવી રહી છે.ઈઝરાયેલના સૈન્ય દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેની સાથે દાવો કર્યો છે કે ગાઝામાં હમાસ હજુ પણ સક્રિય છે અને બાળકો, સગીર વયનાનો ઉપયોગ હથિયારોની તસ્કરીમાં કરી રહ્યું છે. ઈઝરાયેલ સૈન્યએ જાહેર કરેલા નિવેદનમાં દાવો કર્યો છે કે વીડિયોમાં દેખાય છે કે હમાસનો આતંકવાદી એક બાળકના હાથમાં હથિયાર આપી રહ્યો છે, બન્ને જઇ રહ્યા છે. હમાસ બાળકોનો ઉપયોગ હ્યૂમન શીલ્ડ તરીકે કરી રહ્યું છે. આવુ કરીને હમાસ ઈઝરાયેલી સૈન્યના હુમલાથી બચવા માગે છે.

૭ ઓક્ટોબર ૨૦૨૩ના ઈઝરાયેલની એક મહિલાનું અપહરણ કરનારા આતંકવાદીને ઈઝરાયેલે ઠાર કર્યો હતો.

બીજી તરફ યમનમાં પણ હુથીઓ બાળકોને આતંકવાદી બનાવી રહ્યા હોવાનો માનવ અધિકાર સંસ્થાઓએ દાવો કર્યો છે. સિવિલ સોસાયટી સંગઠનોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું

## હડકવા દિવસ : અમદાવાદમાં શ્વાન કરડવાના દરરોજના ૨૧૧ કેસ, એક વર્ષમાં ૨૯%નો વધારો

અમદાવાદમાં શ્વાન કરડવાના કેસોમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. એક વર્ષમાં ૭૭,૦૧૯ કેસ નોંધાયા, જે દરરોજ સરેરાશ ૨૧૧ લોકોને શ્વાન કરડ્યા હોવાનું દર્શાવે છે. ગત વર્ષની સરખામણીમાં આ આંકડો ૨૯% વધુ છે. ૧૦ કરોડના ખસીકરણ ખર્ચ છતાં સ્થિતિ યથાવત્ છે. ૈંઝસ્ઇના રિપોર્ટ મુજબ, ભારતમાં દર વર્ષે ૫૭૨૬ લોકો હડકવાથી મૃત્યુ પામે છે, જે સત્તાવાર આંકડાઓથી ઘણો વધારે છે. અમદાવાદ શહેરમાં શ્વાન કરડવાના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં શ્વાન કરડવાના એક વર્ષમાં ૭૭,૦૧૯ કેસ નોંધાયા છે. આ આંકડાઓ પર નજર કરીએ તો શહેરમાં દરરોજ સરેરાશ ૨૧૧ લોકો ડોગ બાઈટનો શિકાર બની રહ્યા છે. જ્યારે ગત વર્ષે આ આંકડો ૬૦ હજાર કેસનો હતો, જે દર્શાવે છે કે માત્ર એક જ વર્ષમાં શ્વાન કરડવાના કેસમાં ૨૯ ટકાનો મોટો વધારો થયો છે.ખસીકરણ પાછળ કરોડોનો ખર્ચ છતાં સ્થિતિ યથાવત્શહેરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૧.૩૫ લાખ શ્વાનના ખસીકરણ પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે, છતાં ડોગ બાઈટના કેસોમાં થતો વધારો અટકવાનું નામ લઈ રહ્યો નથી અને સ્થિતિ હજુ પણ યથાવત્ છે.હડકવા દિવસ અને વાસ્તવિક આંકડાઓ વચ્ચેનો તફાવતદરેક વર્ષે ૨૮ સપ્ટેમ્બરના દિવસને 'હડકવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આઈસીએમઆર (ૈંઝસ્ઇ)ની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપિડેમિયોલોજીના વર્ષ ૨૦૨૪ના અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે અંદાજે ૫૭૨૬ લોકો હડકવાથી મૃત્યુ પામે છે. જોકે, કેન્દ્ર સરકારે રજૂ કરેલા સત્તાવાર અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૪માં સમગ્ર દેશમાંથી ૫૪ વ્યક્તિના જ હડકવાથી મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું હતું. નિષ્ણાતોના મતે, આ બંને આંકડાઓમાં રહેલા મોટા તફાવતનું મુખ્ય કારણ હડકવાથી થતા મૃત્યુનું 'અંડર રિપોર્ટિંગ' છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉૐ) પણ આ વાતની નોંધ લે છે કે ભારતમાં આ રોગનો વાસ્તવિક ભાર સત્તાવાર રીતે નોંધાયેલા આંકડાઓ કરતાં ઘણો વધારે હોઈ શકે છે.અમદાવાદમાં આ વર્ષે નોંધાયેલા શ્વાન કરડવાના માસિક કેસજાન્યુઆરીઃ ૮૬૫૮ કેફેબ્રુઆરીઃ ૭૭૭૩કેમાર્ચઃ ૮૧૮૬ કેસએપ્રિલઃ ૭૮૩૦ કેમેઃ ૭૩૮૯ કેજૂનઃ ૬૮૧૮ કેસશ્વાન કે પ્રાણી કરડે ત્યારે કઈ બાબતોનું ધ્યાન રાખવું?જો શ્વાન, બિલાડી, વાંદરો કે અન્ય કોઈ સ્તનધારી પ્રાણીના કરડવાથી/ખંજવાળવાથી અથવા તેની લાળ ઘા પર લાગવાથી જોખમ ઊભું થાય, તો ક્યારેય લક્ષણો દેખાવાની રાહ જોવી જોઈએ નહીં. આવી સ્થિતિમાં ઘા ને તરત જ ઓછામાં ઓછા ૧૫ મિનિટ સુધી સાબુ અને વહેતા પાણીથી સારી રીતે ધોઈને તુરંત જ રેબીઝની રસી લેવી જોઈએ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:413
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક : ભક્તિમય ભાદરવી પૂનમ
પ્રકાર:ભક્તિમય કાવ્ય
શબ્દ : ૧૧૩

રમે રમે મારી મા ખમ્મા રે ખમ્મા
જુમે જુમે ગબ્બર વાળી મા ખમ્મા રે ખમ્મા
આવ્યો અજવાળી ભાદરવી પૂનમનો દિવસ
ખેલે ખેલે અંબા મા ખમ્મા રે ખમ્મા.

ચાંદલિયો ચમકતો કેવો શોભે મા ના માથે
ભક્તોના ટોળા કેવા જામે મા ના આંગણ
ડુંગરા ખૂંદે ભક્તો ભૂલાવી એના સઘળા દર્દો
માંડે ગરબાની રમઝટ મા ખમ્મા રે ખમ્મા.

ચાંદો ખિલ્યો સોળે કળા પાથર્યો એનો અજવાસ
ગુંબજ માથે આવી બેઠો માના દર્શન કાજે
પામી માના દર્શન જો કેવો રૂપાળો ચમક્યો
નાચે તારા નામે મા ખમ્મા રે ખમ્મા.

ભક્તિમય થયું જો આજે અંબાજી ધામ
પગલે પગલે દીપ પ્રગટાવી નિહાલ થાય ભક્ત
પામી આશિષ ગદગદ થાય ભક્તગણ માના ધામે
આપો દર્શન રીટ્ઝને મા ખમ્મા રે ખમ્મા.

...રીટા 'રીટ્ઝ' (મુંબઈ)
★★★★★★★
NOG SS 0092
વિષય: ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક: માના સ્નેહની વર્ષા
પ્રકાર:પદ્ય શબ્દ:૧૪૪

આ ચંદ્રમાં મા અંબાનું મુખ દેખાય છે,
પૂનમે મા જોને કેવી હરખાય છે!
જયઘોષથી બ્રહ્માંડ ગુંજી રહ્યું છે,
શીતળતા ને ધવલ પ્રકાશરૂપે,
આશિષની લ્હાણી વરસાવાય છે!

ચંદ્ર આજે નવો ને નિરાળો છે,
જાણે સ્નેહભર્યો માનો સ્પર્શ રૂપાળો છે.
કિરણોમાંથી ભક્તિરસ વરસી રહ્યો છે,
ધરતીનો મિજાજ પણ આજે બહુ હુંફાળો છે.

સુગંધ પ્રસરી રહી છે ચારેકોર,
મન છે પુલકિત ને ભાવવિભોર.
મા અંબાના પ્રાગટ્યનો પાવન પ્રસંગ છે,
ભક્તોનાં હૈયાં છે શ્રદ્ધાથી સરાબોર.

આનંદ, ભક્તિ ને ઉલ્લાસ છવાયો છે,
પદયાત્રીઓના હૈયે મિલનનો ઉમંગ સમાયો છે.
જગતજનનીના દર્શનની પ્યાસ જાગી છે,
આ પૂનમ તો જનમોજનમથી સહુએ માંગી છે.

સદૈવ આ પૂનમ સમી સહુના હૈયે,
શીતળતા ને સૌમ્યતા વરસતી રહે.
મા! તારા બાળુડાં તારી દયા ને સ્નેહ પામે,
તારા પાલવની છાંય હેઠે સહુની જિંદગી વિકસતી રહે.

– અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
★★★★★★★
NOG SS NO : 408
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક : "ભાદરવી પૂનમે 'મા' નો મહિમા"
પ્રકાર:પદ્ય શબ્દો:૯૧

ભાદરવી પૂનમે મા નો મહિમા ગવાય છે,
દૂર દૂરથી સંઘ બધાં અંબાજીએ જાય છે.

પગમાં છે છાલા, માથે છે તડકો તોયે,
ભક્તનાં મુખે માનું જ નામ ગવાય છે.

ના જાત છે, ના પાત છે, ત્યાં ભેદ નથી,
એક જ સરખો સૌનો ભાવ રચાય છે.

ચાંદની રાતે જ્યારે ગરબે ઘૂમે મા,
માનો દરબાર સ્વર્ગ જેવો દેખાય છે.

જે કોઈ ખાલી હાથે આવે માના દ્વારે,
એ પ્રેમની ઝોળી ભરીને પાછા જાય છે.

"નવીન" કહે : માની કૃપા થાય તો,
પથ્થર પણ હીરા જેમ ચમકાય છે.

અરજણભાઈ એસ. પરમાર "નવીન" કોડવાવ (જૂનાગઢ)
★★★★★★★NOG SS NO.: 101
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક: ભાદરવી પૂનમ
પ્રકાર: કાવ્ય શબ્દો : ૧૦૯
ભાદરવી પૂનમે ચમકે ચંદ્રનું નિર્મલ નૂર,
નભમાંથી અમીની ધારા વરસે ચહું દિશે પૂર;
ગરબો ગુંજે ગામડે, દીવડા શોભે આંગણે,
ભક્તોના હૈયા ઝૂમે, માના નામના રટણે.

પદયાત્રીની પંગતો, અંબાજી ધામ ભણી,
જય અંબેના નાદથી, ગુંજે રાત અણીયાણી;
ચાંદની શીતળ છાયામાં, મનનો તાપ ઠરે,
માવડીના દરબારે, આશાનો દીવડો ધરે.

શરદની સુગંધ લહેરાય, રાત નીરવ નિર્મલ,
ધરતી પરે દૂધિયું તેજ, અદ્ભુત અલૌકિક રમલ;
અંતરના મેલ ધોવાય, હૈયે ભક્તિ વાસ કરે,
પૂનમના પ્રકાશમાં, જીવન પાવન આશ ભરે.

હે મા! આ ચાંદની જેવી, કૃપા અમ પર થાજો,
શરણે આવ્યાં અમે સહુ, ચરણોમાં અમને રાખજો.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★★
NO?G SS NO- 382
વિષય- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ.
રચના : પદ્ય શબ્દ- ૧૨૦
શીર્ષક- હાલો હાલો જઈએ આરાસુર ધામમાં.
પ..
કનક કળશે શિખરો સોહે અપાર
રે માના દીવડે શ્રધ્ધાના દરબાર
ઢમ ઢમ ઢોલ મંજીરા કીર્તન રે લોલ,
હાલો હાલો જઈએ આરાસુર ધામમાં.

લહરે પૂનમના શીતલ પ્રકાશ
તારી કૃપાએ મા અંતર ઉજાશ
મા અંબા પ્રગટ્યાં ભાદરવી પૂનમ રે લોલ,
હાલો હાલો જઈએ આરાસુર ધામમાં.

મા તારાં સ્વાગતે થાય હૈયે સગુન
લાલ ચટક ચુંદલડીનાં હેતે પૂજન
ગાઉં ગુણલાં ચાંદનીમાં મધુરાં રે લોલ
હાલો હાલો જઈએ આરાસુર ધામમાં.

જવારા અબિલ ગુલાલ પાદર
પથપથ લહરે ભક્તિનો સાગર
પાવન જ્યોત દર્શન ગબ્બર ગોખે રે લોલ
હાલો હાલો જઈએ આરાસુર ધામમાં.

શક્તિપીઠે શ્રીયંત્રના આશિષ પ્રકાંડ
મા તારી આશિષે ઝગમગ બ્રહ્માંડ
તારા ચરણે આરાસુર ધામમાં જગ સુખિયાં રે લોલપ તવ સંગે નવરાતે મા ગરબે ઘૂમશું રે લોલ.

રમેશ પટેલ''આકાશદીપ''
★★★★★★★
NOG SS No. 185.
વિષય:- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિ ભાવ
શીર્ષક:- મા અંબાના દર્શનની તરસ
પ્રકાર:કાવ્યશબ્દ:૧૪૫

ભાદરવી પૂનમે ખીલી ચાંદની, ને રાતે ઢળી ચાંદની ભીની ધરાએ,
ટહુકો બોલે અંબેનાં ગબ્બર ગોખે, ને 'જય અંબે'નો નાદ ધરાએ,

મા ના મુખરૂપી ચાંદની પ્રકાશે ગગને, ને ભક્તોનાં પગલાં પડે પ્રેમે,
મા ના દર્શનની તરસે પગપાળા થાક ના લાગે, ને અંતર ધડકે પ્રેમે,

ઘીની જ્યોતે દીવડાં ઝગમગે, ને ભક્તોનાં ચક્ષુએ અશ્રુઓ ફરકે,
ભક્તિની સુગંધ હૃદયે મ્હેકે ચાંદનીએ, ને નવી ધજા શિખરે ફરકે,

મા અંબા ખેડબ્રહ્માએ જઈ વસ્યા, ને પૂનમે મેળાની ખુશી વરસે,
દિવસે હવનકુંડે હોમ હોમાય, ને મંદીરે ભવાઈમાં નિજાનંદ વરસે,

મા અંબાની વાટે ભોજન સેવા સચવાય, ને રાતે કીર્તને નાદ થાય,
તાલીના તાલે 'જય અંબે'નો નાદ ગુંજે, ને ભજનો ગવાતાં જાય,

મા તારા મંદિરે માનવ મેળો ઊભરાય, ને ભાલે કંકુના તિલક થાય,
શ્રીફળ વધેરી હૃદયની માનતા થાય પુરી, ને આરતીએ શાંતિ થાય,

હે આરાસુરી મા તું કરુણાની મૂરત, ને ચાંદનીમાં દેખું તારી સૂરત,
'ઝરુખો' વિનવે અમે બાળ તારા મા, ને માફીથી હસતી કર મૂરત.
-દિલીપ સી. સોની 'ઝરુખો' અમદાવાદ.
★★★★★★★
NOG.SS NO.223
વિષય: ભાદરવી પૂનમની યાદી અને ભક્તિભાવ
પ્રકાર: પદ્ય
શીર્ષક:' ભક્તિભાવથી આત્મદર્શન'
શબ્દ સંખ્યા:૧૦૮.

ભક્તિભાવપૂર્ણ ભાદરવી પૂનમની યાદી, હૃદયે આનંદ પ્રગટે શક્તિપીઠ અંબાજીએ
ભાવિક ભક્તોની ભીડ ઉમટે.
અંબે આસ્થા, પરંપરા,
સંસ્કૃતિની દિવ્યજ્યોત ઝળહળે, શક્તિપીઠ અંબેજીથી સનાતન શાશ્વતી દિવ્ય અહેસાસ મળે.
આજ આનંદ ઉત્સવ માત,
વંદન કરીએ તવ ચરણે,
જો પામીએ તવ ભવ્ય
દિવ્ય દર્શન, ચિંતા ના રહે મરણે.
સંસારે જોવા મળે અમાસ, બીજથી પૂનમની પવિત્ર ચાંદની.
સૌ હૃદયે સદા હો તવ પ્રેમભક્તિ, સેવાસમર્પણ તપ, ઉન્નતિ.
કલિયુગે અંબેનામ દર્શન,
જાગૃતિ પમાડે સ્વબોધ,
ચૌર્યાસીના ફેરામાં તવ ભક્તભાવથી મળે જ્ઞાનબોધ.
શિવશક્તિ એકજ સ્વરૂપ
ભજીને પામો તવ આત્મરૂપ,
નામરૂપ દ્વૈત સંસારે,
મા અંબા જ સચ્ચિદાનંદ સ્વરૂપ.

-દેવેન્દ્ર આચાર્ય,અમદાવાદ
★★★★★★★ NOG SS NO : 003
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક : ચાંદનીમાં અંબાભક્તિનો ઉજાસ
પ્રકાર:ગદ્ય શબ્દો:૨૬૭

ભાદરવી પૂનમ આવે ત્યારે ગુજરાતની ધરતી પર જાણે ભક્તિનો એક વિશાળ મેળો ઊભો થાય છે. આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પોતાની શીતળ ચાંદની પાથરે છે અને ધરતી પર અંબા માતાના નામનો જયઘોષ ગુંજી ઊઠે છે. ચાંદનીની ઉજાસ અને ભક્તિના તેજનું આ મિલન ભાદરવી પૂનમને એક વિશિષ્ટ આધ્યાત્મિક રંગ આપે છે.

અંબાજીની પવિત્ર ભૂમિ તરફ જતા માર્ગો આ દિવસોમાં માત્ર રસ્તા રહેતા નથી; તે શ્રદ્ધાની પગદંડી બની જાય છે. માઈભક્તોના પગલાંમાં થાક કરતાં શ્રદ્ધા વધુ હોય છે. કોઈ માથે ધજા લઈને ચાલે છે, કોઈ માતાજીના નામનો જાપ કરતો આગળ વધે છે, તો કોઈ મૌન પ્રાર્થનામાં પોતાની મનોકામના માતાના ચરણોમાં અર્પણ કરતો જાય છે. "જય આભાર - નિહારીકા રવિયા અંબે"ના નાદથી ગુંજતા માર્ગો ભક્તિની સામૂહિક અનુભૂતિને વધુ ગાઢ બનાવે છે.

ભાદરવી પૂનમની રાત્રે જ્યારે અંબાજીની પવિત્ર ધરતી પર પૂર્ણ ચંદ્રની ચાંદની વરસે છે, ત્યારે દૃશ્યમાં એક અલૌકિક સૌંદર્ય પ્રસરે છે. એક તરફ આકાશનો ચંદ્ર પ્રકાશ આપે છે અને બીજી તરફ માતાજીની આરતીના દીવડાઓ ભક્તોના અંતરમાં શ્રદ્ધાનો પ્રકાશ પ્રગટાવે છે.

અંબા માતા પ્રત્યેની આસ્થા માત્ર ધાર્મિક પરંપરા નથી; તે ગુજરાતના લોકજીવનની ઊંડી લાગણી સાથે જોડાયેલી છે. પેઢીઓથી ચાલતી આવતી માન્યતાઓ, લોકગીતો, ગરબા, યાત્રા અને માતાજીના જયઘોષમાં ગુજરાતી સંસ્કૃતિનો જીવંત સ્પંદન અનુભવાય છે.

ભાદરવી પૂનમ આપણને યાદ અપાવે છે કે શ્રદ્ધાની યાત્રા અંતરથી શરૂ થાય છે. પગ અંબાજી તરફ ચાલે છે, પરંતુ હૃદય માતાના ચરણો સુધી પહોંચે છે. પૂર્ણ ચંદ્રની શીતળ ચાંદનીમાં ભક્તિનો આ ઉજાસ કદાચ એટલા માટે જ વિશેષ લાગે છે કે તેમાં માત્ર પ્રકાશ નથી, તેમાં વિશ્વાસ, સમર્પણ અને માતા પ્રત્યેની અખૂટ આસ્થા પણ ઝળહળે છે.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★★
NOG SS No : 110
વિષય- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક- મા અંબાનું વિશેષ ભક્તિ પર્વ
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૮
'હે રમતો રમતો જાય, માડી તારો ગરબો રમતો જાય,
ફરરર ફૂદડી ફરતો જાય, માડી તારો ગરબો રમતો જાય'
જરા કલ્પના કરીએ કે નભમાં ચાંદની નીતરતી રાત હોય, જગવિખ્યાત આદ્યશક્તિ માતાજીની શક્તિપીઠ એવા અંબાજી મંદિરનો ચોક હોય, ભક્તિભાવથી છલકાતા માઈભક્તોનો સમૂહ હોય, દુહા અને ગરબા લલકારાતા હોય, માથે દીવડે સજાવેલો ગરબો લઈને શક્તિની પ્રતીક એવી નમણી સ્ત્રીઓ માતાજીના ચોકમાં ગરબે ઝૂમતી હોય અને હકડેઠઠ ભીડમાં હૈયે હૈયું ભીડાય એમ શ્રદ્ધાની દોરે બંધાયેલી ભક્તોની મેદની હોય, આવી ભાદરવા માસની પૂર્ણ ચંદ્રમાની રાત્રિમાં મા અંબા ગરબે ઝૂમવા સ્વયં પધારે ત્યારે ભક્તોના દિલમાં શ્રદ્ધાનો દીવો પણ જગમગી ઊઠે ને!
ભાદરવી પૂનમનું શ્રદ્ધાળુઓમાં એક વિશેષ મહત્વ છે. આ દિવસે ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં અરવલ્લી પર્વતોની ટેકરીની મધ્યમાં આવેલા ૫૧ શક્તિપીઠમાંના મુખ્ય મનાતા આદ્યશક્તિ અંબાજીનું હૃદય જ્યાં સ્થાન પામ્યું છે એવા અંબાજીના મંદિર નજીક અંબાજી ગામમાં એક મહામેળાનું આયોજન થાય છે. તેરસથી શરૂ થતા અને ભાદરવી પૂનમ સુધી લંબાતા આ મહામેળામાં ભારતભરમાંથી નહીં પણ વિદેશમાંથી પણ શ્રદ્ધાળુ માઈભક્તો માતાજીના દર્શને આવવા ઉમટી પડે છે. ભાદરવી પૂનમના દિવસે દૂર દૂરથી પગપાળા આવતા શ્રદ્ધાળુઓના સંઘ પોતાની સાથે લાવેલી ધજાઓ માતાજીના મંદિર ઉપર ચડાવે છે અને અંબાજીના દર્શન કરીને ધન્ય થાય છે. ગુજરાતના દરેક ખૂણેથી આવતા આવા પગપાળા સંઘોને તેમના ગામ અથવા શહેરથી અંબાજી પહોંચતા ઘણી વખત ત્રણથી માંડીને સાત દિવસ સુધીનો સમય થાય છે. અંબાજી મંદિર તરફના દરેક મુખ્ય રસ્તાઓ સેવાભાવથી કાર્યરત કેમ્પ અને વિશ્રામસ્થાનથી છવાઈ જાય છે. પદપાળા યાત્રિકોની નાનામાં નાની સુવિધાઓ જેમકે ચા, નાસ્તો, ભોજન, રાત્રી વિશ્રામની નિશુલ્ક વ્યવસ્થા પૂરી પાડતાં અગણિત કેમ્પ હોય છે.
એવી પ્રથા પણ છે કે રાજ્ય અને દેશના જુદા જુદા ખૂણેથી દિવસો સુધી ચાલીને પગપાળા આવતા આ શ્રદ્ધાળુ જનસમુહો ૧૫ દિવસ બાદ આસો મહિનાના શુક્લ પક્ષમાં શરૂ થતા મહાશક્તિ પર્વ નવરાત્રીમાં પોતાના ગામ કે શહેરમાં પધારવા માતાજીને પ્રેમભર્યું નિમંત્રણ આપીને અંબામાતાજીના પવિત્ર પ્રસાદ સ્વરૂપે ધજા લઈને શ્રદ્ધાપૂર્વક પાછા ફરે છે. આ મહામેળામાં માતાજીના ભક્તિગીતો, ભજનો, ગરબા, રાસ, નૃત્ય, લાઈટ અને સાઉન્ડ શો તથા બીજા ઘણા સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુનિયોજિત આયોજન થાય છે જેમાં ભક્તિભાવપૂર્વક સેંકડો લોકો ભાગ લે છે અને માતાજીને પોતાના શ્રદ્ધાપુષ્પ અર્પણ કરે છે.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★★
NOG? SS NO : 408
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક : શક્તિની ભક્તિ
પ્રકાર:ગદ્ય શબ્દો:૩૫૬

માનવી ના સાંસ્કૃતિક , આધ્યાત્મિક ધરોહર અને પ્રકૃતિ સાથે ના સંબંધ અતૂટ છે.નભ માં પૂનમ નો ચાંદ પોતાની સોળે કળા એ ખોલે ત્યારે તેની સુંદરતા અકલ્પનીય હોય છે.ધરતી પર શ્વેત કિરણો નો ઉજાસ ચારેય બાજુ પથરાયો હોય, એક અનૂઠો દિવ્ય પ્રકાશ વાતાવરણ માં ઓતપ્રોત થઈ ચૂક્યો હોય , ચારેય બાજુ ભક્તિમય વાતાવરણ હોય એ પૂર્ણતા ની રાત, પ્રકાશમય હર્ષોલ્લાસ ની અને ચાંદની ની રાત હોય છે.

માતા ના ગબ્બર ના ખૂણેખૂણા માં આ ચાંદની નો પ્રકાશ ફેલાય છે ત્યારે માતા નો ગબ્બર અને તેની આજુબાજુ ના ડુંગરો જાણે દિવ્યમાન બની ને માતા ના જયઘોષ સાથે અનુભવાય છે.ભક્તિ ના આ મહાસાગરમાં પાવન થવા માટે ને માતાજી ના દ્વારે પહોંચવા માટે દરેક મન આતુર હોય છે .
હૈયા માં ઉમંગ ની હેલી સાથે માતા નું આહવાન કરતાં કરતાં ભક્તો પગપાળા નીકળે છે ત્યારે નભ માં શીતળતા ની અમી દ્રષ્ટિ વર્ષાવતા,માતા ને આશીર્વાદ આપવા માટે પોતાના ગબ્બર ગોખ માં સાક્ષાત આવવું પડે છે.

આ સૃષ્ટિ નું સર્જન કરનારી જનની એવી મા અંબા ની ભક્તિ પણ માનવ ના હૃદય માં પૂનમ ની રાતે પૂર્ણતા થી ખિલી ઉઠે છે. માનવ જનમહેરામણ પોતાના દુઃખ,હતાશા, તણાવ અને ચિંતા ઓ ને માતા ના ચરણ માં મૂકી અને ભક્તિ માં સંપૂર્ણ રીતે લીન થઈ જવા ને પૂર્ણ રુપે માતા ને સમર્પિત થઈ જવા તૈયાર થઈ જાય છે.ત્યારે એવું મનાય છે કે માતા પણ પોતાના ભક્તો ના દુઃખ દર્દ ને પળભર માં દૂર કરે છે અને તેમની દરેક મનોકામના ને પૂરી કરવા આશીર્વાદ વરસાવે છે.

આજની ભાગમભાગ વાળી,અજંપા,અહંકાર વાળી વ્યસ્ત જિંદગી માં માનવે પોતાના થી પ્રકૃતિ નો છેડો દૂર કરી દીધો છે, તે મન ની શાંતિ,પવિત્રતા ને તરછોડી બેઠો છે. ત્યારે તે માતાજી ની ભક્તિ ભાવ માં લીન થઈ અને શીતળ ચાંદની રાત ના સમન્વય માં , પ્રકૃતિ ની ગોદ માં બેસી ને તેને માણવા નો સંદેશો આપે છે , ને પોતાના જીવન નાં અંધકાર ને,નકારાત્મકતા ને દૂર કરી ને પોતાના જીવન માં સુખ,શાંતિ,અને સમૃધ્ધિ ને પ્રાપ્ત કરે છે.
"ઊંડા અંધારે થી પરમ જ્યોતિ" તરફ જવાનું, માતાની આરાધ્યા નો અનન્યભાવ અનુભવવો એજ ભાદરવી પૂનમ નું મહત્વ છે.જીવનનાં દરેક ક્ષેત્રો માં માતા ના સથવારે બધી મુશ્કેલીઓ ને શ્રદ્ધાપૂર્વક,ભક્તિ ભાવ થી અને શીતળતા થી ભરી ને જીવન ને ઉજાસમય બનાવી શકાય છે.
પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં

# ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણીના ભાજપાના ૧૧ વોર્ડના તમામ ૪૪ ઉમેદવારોએ એકસાથે ‘જનસેવા સંકલ્પ‘ લીધો



**ભાજપાના ઉમેદવારોએ નાગરિકોના હિતને સર્વોપરી રાખીને શહેરના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી**

-------

**સૌ એ નાગરિક કર્તવ્ય, બંધારણ અને નિયમોનું અનુસરણ કરી તેમજ પંડિત દીનદયાળજીના એકાત્મ માનવદર્શન અને ભાજપની પંચનિષ્ઠામાં વિશ્વાસ સાથે કાર્યરત રહેવા ભાજપા ઉમેદવારોનો સંકલ્પ**

-------

**જનસંપર્ક, જનસંવાદ અને જનસેવા દ્વારા ‘નાગરિક દેવો ભવઃ’ના ભાવ સાથે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણીના ભાજપા ઉમેદવારો**

-------

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સતત પ્રયાસ કરવાની પ્રતિજ્ઞા લેતા સૌ ઉમેદવારો**

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના ૧૧ વોર્ડના તમામ ૪૪ ઉમેદવારોએ આજે એકસાથે ‘જનસેવા સંકલ્પ‘ લીધો હતો.વિધાનસભા સંકુલની સામે સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે ભાજપાના તમામ ૪૪ ઉમેદવારોએ નાગરિકોના હિતને સર્વોપરી રાખીને શહેરના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સૌ એ નાગરિક કર્તવ્ય, બંધારણ અને નિયમોનું અનુસરણ કરવા તેમજ પંડિત દીનદયાળજીના એકાત્મ માનવદર્શન અને ભાજપની પંચનિષ્ઠામાં વિશ્વાસ રાખવાનો સંકલ્પ કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિ અને ભારતીય સંસ્કૃતિની વિચારધારા તથા વિરાસતને ગૌરવપૂર્વક આગળ વધારવાની સૌ એ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમજ ‘વિકસિત ભારત’ સાથે ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ના સ્વપ્નને સાકાર કરવા મન-કર્મ-વચનથી તત્પર રહેવાનો સંકલ્પ લીધો હતો.

ગાંધીનગરના ગૌરવ, શાંતિ, એકતા અને વિકાસ માટે પ્રમાણિક યોગદાન આપવાની તેમજ જનસંપર્ક, જનસંવાદ અને જનસેવા દ્વારા ‘નાગરિક દેવો ભવઃ’ના ભાવ સાથે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા પણ ઉમેદવારોએ વ્યક્ત કરી હતી. ‘જનસેવા એ જ પ્રભુસેવા’ના મંત્ર સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સતત પ્રયાસ કરવાની પ્રતિજ્ઞા લઈને ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ ૪૪ ભાજપા ઉમેદવારોએ જનસેવાને પોતાની પ્રાથમિકતા બનાવવાનો સંકલ્પ કર્યો હતો.આ પ્રસંગે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી તેમજ મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, પ્રદેશ મંત્રી અને મહાનગરના પ્રભારી શ્રી નીરવભાઈ અમીન, શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, મેયર મીરાબેન પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રીમતી રીટાબેન પટેલ અને શ્રી અલ્પેશજી ઠાકોર, પ્રદેશ દ્વારા નિયુક્ત ચુંટણી ઈન્ચાર્જ શ્રી અમિતભાઈ શાહ, સહ ઈન્ચાર્જ શ્રી જતીનભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્વચ્છતા હી સેવા અંતર્ગત આઈ.ટી.આઈ. મોડાસા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું




સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાનને જનભાગીદારી સાથે આગળ ધપાવવાના હેતુસર આઈ.ટી.આઈ. મોડાસા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવા તેમજ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ પર્યાવરણના નિર્માણ માટે નાગરિકોમાં જવાબદારીની ભાવના કેળવવાના ઉદ્દેશ સાથે આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોડાસા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન પટેલ ઉપસ્થિત રહી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા. તેમની પ્રેરક ઉપસ્થિતિથી આઈ.ટી.આઈ.ના કર્મચારીઓ તથા તાલીમાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આચાર્યશ્રી એસ.કે. ઠક્કર તથા શ્રી બી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કર્મચારીઓ અને તાલીમાર્થીઓ દ્વારા આઈ.ટી.આઈ.ના પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા અભિયાન દરમિયાન કર્મચારીઓ અને તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો. તેમજ આસપાસના વિસ્તારોમાં પણ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા અને અન્ય લોકોને સ્વચ્છતા માટે પ્રેરિત કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ “સ્વચ્છતા એ સૌની જવાબદારી છે”ના સંદેશને જીવનમાં ઉતારી સ્વચ્છતા પ્રત્યે સતત જાગૃત રહી સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ કર્યો હતો.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્રસેવાના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાત્રક ખાતે મુક્ત મેડિકલ નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લા, બાયડ તાલુકાના વાત્રક ગામે આવેલા શ્રીમાન ફતેસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલમાં આજે એક વિશાળ મુક્ત મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્રસેવાના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના પવિત્ર અવસરે “સેવા સંકલ્પ અભિયાન” અંતર્ગત યોજાયો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને મુક્ત અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો તેમજ વડાપ્રધાનશ્રીના સેવાભાવને વધુ વ્યાપક બનાવવાનો છે.કેમ્પનું ઔપચારિક ઉદ્ઘાટન અરવલ્લી જિલ્લાના પ્રભારી અને માનનીય મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ કર્યું હતું.

આ પ્રસંગે માનનીય સાંસદશ્રી શોભનાબેન બારૈયા ઉપસ્થિત રહી હતી અને તેમણે કાર્યક્રમને સંબોધન કર્યું હતું. સાંસદશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૫ વર્ષથી અવિરત રીતે જનસેવા અને રાષ્ટ્રસેવાનું કાર્ય કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ આયુષ્માન ભારત, મુક્ત દવાઓ, મુક્ત તપાસ અને ગ્રામ્ય આરોગ્ય માળખાના મજબૂતીકરણ જેવી યોજનાઓથી લાખો નાગરિકોને લાભ મળી રહ્યો છે. આવા મેડિકલ કેમ્પો દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વિશેષજ્ઞ તપાસ, દવાઓ અને સલાહ મુક્ત મળે છે, જે વડાપ્રધાનશ્રીના “સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ”ના સંકલ્પને વાસ્તવિક રૂપ આપે છે. તેમણે જિલ્લાના આરોગ્ય કર્મીઓને વધુ સક્રિય બનીને જનતા સુધી સેવાઓ પહોંચાડવાની અપીલ કરી હતી.

માનનીય મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ પણ આ પ્રસંગે વિસ્તૃત સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીના ૨૫ વર્ષના સેવાકાળને યાદ કરતા આપણે માત્ર ઉજવણી જ નહીં, પરંતુ તેમના આદર્શોને અનુસરીને વધુ કાર્ય કરવાનું વચન લેવું જોઈએ. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આ મેડિકલ કેમ્પમાં વિવિધ વિભાગોના વિશેષજ્ઞો દ્વારા સામાન્ય તપાસ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, આંખની તપાસ, સ્ત્રી રોગો, બાળરોગ અને અન્ય જરૂરી નિદાન મુક્ત કરવામાં આવ્યા હતા. જરૂરિયાતમંદ દર્દીઓને મુક્ત દવાઓ પણ વિતરિત કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ કહ્યું કે આવા કેમ્પો નિયમિત યોજવામાં આવશે જેથી કોઈ પણ નાગરિકને આરોગ્ય સેવાથી વંચિત ન રહેવું પડે. તેમણે જિલ્લા વહીવટ અને આરોગ્ય



વિભાગને સહકાર આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વિવિધ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રીઓ, જિલ્લાના પદાધિકારીશ્રીઓ, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ તેમજ અન્ય વિભાગીય અધિકારીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આરોગ્ય કર્મીઓ અને મોટી સંખ્યામાં જાહેર જનતા કેમ્પમાં હાજર રહી હતી. લોકોમાં આ કેમ્પ પ્રત્યે અપાર ઉત્સાહ જોવા મળ્યો હતો અને દર્દીઓની લાંબી કતારો લાગી હતી. આરોગ્ય કર્મીઓએ વ્યવસ્થિત રીતે તપાસ અને સલાહ આપી હતી.

માનનીય મંત્રીશ્રી અને અરવલ્લી જિલ્લાના પ્રભારી રમણભાઈ સોલંકીએ બાયડ તાલુકાના ચોઈલા ગામે આવેલી આંગણવાડીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ આંગણવાડીના બાળકોની હાજરી, પોષણ આહારની વ્યવસ્થા, શિક્ષણ સામગ્રી અને સ્વચ્છતાની સ્થિતિની વ્યક્તિગત તપાસ કરી હતી.તેમણે આંગણવાડી કાર્યકર્તાઓ સાથે વાતચીત કરીને બાળકોના વિકાસ, માતા-પિતાની જાગૃતિ અને સરકારી યોજનાઓના અમલ અંગે માહિતી મેળવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આંગણવાડીઓ ગ્રામ્ય વિકાસ અને બાળ પોષણનું મહત્ત્વનું કેન્દ્ર છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ચાલતી પોષણ અભિયાન અને આંગણવાડી સુધારા યોજનાઓનો લાભ દરેક બાળક સુધી પહોંચે તે જરૂરી છે.મુલાકાત દરમિયાન સ્થાનિક અધિકારીઓ અને આરોગ્ય કર્મીઓ પણ હાજર રહ્યા હતા. મંત્રીશ્રીએ કાર્યકર્તાઓને વધુ સક્રિય બનીને બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. આ મુલાકાતથી ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડી સેવાઓની ગુણવત્તા વધારવા માટે નવી દિશા મળી છે.

આ પ્રસંગે તમામ હાજર અધિકારીઓ અને જનતાએ વડાપ્રધાનશ્રીના સેવાભાવને સલામી આપી અને રાષ્ટ્રસેવાના આદર્શને આગળ વધારવાનું સંકલ્પ કર્યું હતું.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના અવિરત જનસેવા અને રાષ્ટ્રસેવાના અવસરે સેવા સંકલ્પને મજબૂત બનાવતો એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.

# સુબીર પ્રાથમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો




ડાંગ આહવા : તા. ૨૮: ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના પ્રાથમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેશભાઇ ગામિત, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઇ પવાર, સહિત સ્થાનિક પદાધિકારીશ્રીઓ તેમજ મામલતદાર શ્રી આઇ.એમ.સૈયદ સહિતના અધિકારી કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થી ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેવા સેતુ કાર્યક્રમમાં ક્લસ્ટર દીઠ કુલ ૧૦ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સુબીર, કાંગર્યામાળ, કડમાળ, હનવતપાડા, કરંજડા, ધુબડીયા, જારસોળ, દહેર, ઉંગા (લવચાલી) અને ઘાણા ગામના ગ્રામજનો માટે વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગંગા સ્વરૂપા આર્થિક સહાય, વૃદ્ધ સહાય, રેશનકાર્ડમાં નામમાં સુધારો, નામ કમી કરવું તથા નામ ચઢાવવું, આધારકાર્ડ સંબંધિત સેવાઓ, હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડ, બેન્કિંગ સેવાઓ, માતૃશક્તિ યોજના, નમોશ્રી યોજના, દિવ્યાંગજનો માટે બસ પાસ તથા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ, વ્હાલી દીકરી યોજના અંતર્ગત કીટ વિતરણ કરવામાં આવ્યા હતાં.કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી અને તેમના ઘરઆંગણે નજીક મળી રહે તે માટે મહ૯

# ગ્રેટ સિકંદર ખાલી હાથ આયા ઔર ખાલી હાથ ગયા - પણ અલગ અંદાજથી...!(સંત સુરા)

દુનિયા કહે છે, "ખાલી હાથ આયા હૈ ઔર ખાલી હાથ જાયેગા." આ વાત સાંભળીને લોકો નકારાત્મક થઈ જાય છે. શું ફાયદો આટલું ભેગું કરવાનો, અંતે તો ખાલી હાથે જ જવાનું છે?

પણ અરે ભાઈ, ખાલી હાથ તો બે રીતે હોય છે.

એક હાથ બંધ હોય અને ખાલી હોય, તો એ કંજૂસાઈ છે. મેં કોઈને કઈ આપ્યું જ નથી અને બીજો હાથ ખુલ્લો હોય અને ખાલી હોય, તો એ દાન છે. મેં બધું આપી દીધું છે, તેથી હાથ ખાલી છે.

હવે ગ્રેટ સિકંદરની વાત. કહેવાય છે કે મહાન સિકંદરે મરતા પહેલા કહ્યું હતું કે મારા બંને હાથ કફનની બહાર ખુલ્લા રાખજો, જેથી દુનિયા જુએ કે દુનિયા જીતનાર સિકંદર પણ ખાલી હાથે જાય છે.

દુનિયાએ આને નકારાત્મક રીતે લીધું - કે કઈ સાથે આવતું નથી.

પણ બાદશાહ સલામત સિકંદરે બંને હાથ ખાલી અને ખુલ્લા એ માટે રાખ્યા હતા કે, "જો કોઈ કઈ આપતું હોય અથવા મૂકતું હોય તો તે પણ લેતો જાઉં!"

આ વિચારમાં કેટલો મોટો વ્યંગ છે! માણસની તૃષ્ણા ક્યારેય ખતમ થતી નથી. છેલ્લા શ્વાસ સુધી તેને લેવું જ છે, આપવું નથી. સિકંદર જેવો સિકંદર પણ જો ખુલ્લા હાથે કઈ લેવાની આશા રાખતો હોય, તો સામાન્ય માણસની શું વાત?

બંને હાથ જો હકારાત્મક હોય, તો સકારાત્મક ઉર્જા બને. બંને હાથથી આપીએ તો સકારાત્મક ઉર્જા વધે. અને બંને હાથથી માત્ર લેવાની વૃત્તિ રાખીએ તો નકારાત્મક ઉર્જા બને.

ખાલી હાથ આવ્યા એ કુદરત છે, પણ ખાલી હાથ જવું એ આપણી પસંદગી!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat